Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

-: પરિપત્ર:-

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, એકેડેમિક કાઉન્સિલ તા.**09/03/2021** ના ઠરાવ ક્રમાંક : **19** તથા સિન્ડિકેટ સમિતિના તા.**22/03/2021** ના ઠરાવ ક્રમાંક : **16** તેમજ એકેડેમિક કાઉન્સિલ તા.**21/09/2021** ના સભાના ઠરાવ ક્રમાંક : **15** તથા તા.**25/09/2021** ના સભાના ઠરાવ ક્રમાંક : **2** તેમજ સિન્ડિકેટ સમિતિના તા.**29/09/2021** ના ઠરાવ ક્રમાંક : **117** તેમજ સિન્ડિકેટ સમિતિના તા.**29/04/2023** ના ઠરાવ ક્રમાંક : **130** થી ઠરાવ્યા અનુસાર તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા તા.**14/10/2025** ની સભાનાં ઠરાવ ક્રમાંક : **27** અન્વયે પુનઃમૂલ્યાંકન **(Re-Assessment)** તથા ગુણ ચકાસણી **(Re-checking)** ની ફોર્મ ભરવાની વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

1. ઓનલાઈન તેમજ ઓફલાઈન વિદ્યાર્થીઓ માટે પેપર દીઠ ગુણ ચકાસણીની ફી રૂા.**100/-** અને પુનઃમુલ્યાંકનની ફી રૂા.**500/-** રહેશે.
2. ઓનલાઈન તેમજ ઓફલાઈન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ મૂળ પરિણામ જાહેર થયાના **7**(સાત) દિવસની સમય મર્યાદામાં ફોર્મ ભરવાનું રહેશે તેમજ મેડીકલ વિદ્યાશાખાના ફક્ત MBBS સ્નાતક કક્ષાએ તા.**15/04/2025** ના **BOEE** સભાનાં ઠરાવ ક્રમાંક : 8 અનુસાર મૂળ પરિણામ જાહેર થયેથી 5 દિવસની સમય મર્યાદામા જ ફોર્મ ભરવાના રહેશે. (લેઇટ ફી ની જોગવાઈ લાગુ પડશે નહી.)
3. પરિણામના કુલ પાસીંગ હેડસના ઓછામાં ઓછા **50%** હેડસમાં પાસ થનાર વિદ્યાર્થી જ પુનઃમૂલ્યાંકનની અરજી કરી શકશે. બે પેપર કરતા વધારે પેપરની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન થઈ શકશે નહી. વધુમાં, કુલ પાસિંગ હેડની લીમીટ સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ) સેમેસ્ટર/વર્ષની પરીક્ષા માટે લાગુ પડશે નહી. જ્યારે તમામ ફેકલ્ટી ના સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ) સેમેસ્ટર/વર્ષ બધાજ થિયરી વિષયો માટે પુનઃમૂલ્યાંકન કરી શકાશે.
4. જે તે વિદ્યાશાખામાં કોલેજ/ડીપાર્ટમેન્ટ કક્ષાએ લેવાતી આંતરીક મૂલ્યાંકન કસોટીઓ, પ્રેકટીકલ, વાઈવા, પ્રોજેકટ, થીસીસ, ડેઝર્ટેશન કે ટર્મ વર્કનું ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકન થઈ શકશે નહી.
5. પરિણામ જાહેર થયાના 7(સાત) દિવસ પૂર્ણ થયા બાદ **8**(આઠ) થી **15**(પંદર) દિવસની વચ્ચે ગુણ ચકાસણીની વિષય દીઠ ફી રૂા.**100/-** ઉપરાંત વિષય દીઠ લેઇટ ફી રૂા.**100/-** અને પુનઃમૂલ્યાંકનની વિષય દીઠ ફી રૂા.**500/-** ઉપરાંત વિષય દીઠ લેઇટ ફી રૂા.**500/-** તરીકે સ્વીકારવામાં આવશે ત્યાર બાદ કોઇ પણ સંજોગોમાં કોઇ પણ વિદ્યાશાખાના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
6. ગુણ ચકાસણી/પુનઃમૂલ્યાંકન કરેલ વિદ્યાર્થીઓના પરિણામમાં ફેરફાર થાય ત્યારે જ લેઇટ ફી સિવાયની ભરેલ ફી ની રકમમાથી **50%** રકમ પરત કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓના ગુણમાં ફેરફાર થાય કે ન થાય તેવા વિદ્યાર્થીઓને કોઇ પણ રિફંડ મળવા પાત્ર રહેશે નહી, જેની નોંધ લેવી.
7. વિદ્યાર્થીનું પરિણામ **D.L.O, W.O.165, Withheld & Reserve** (કોપીકેસ થયેલ પેપર હોય તે સિવાયના અન્ય પેપરમાં) રાખવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકન કરાવી શકાશે.
8. જે વિદ્યાર્થીના ગુણ ચકાસણી/પુનઃમૂલ્યાંકનના પરિણામ અથવા માર્કસમાં સુધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓએ કોલેજમાં પુનઃમૂલ્યાંકનની જુની માર્કશીટ જમા કરાવી નવી માર્કશીટ મેળવી લેવી. જે તે કોલેજે વિદ્યાર્થીઓની જુની માર્કશીટો યુનિવર્સિટીના પુનઃમૂલ્યાંકન વિભાગમાં જમા કરાવવાની રહેશે. જે વિદ્યાર્થીના ગુણ ચકાસણી/પુનઃમૂલ્યાંકનના પરિણામ અથવા માર્કસમાં કોઇ ફેરફાર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓને નવી માર્કશીટ મળવાપાત્ર રહેશે નહી. જે ધ્યાને લેવા વિનંતી.
9. ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકનના પરિણામ જાહેર થવામાં વિલંબ થાય તો કોઈ નાણાંકીય કે સમયનું નુકશાન વળતર અંગેની કોઈ પણ અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

ક્રમાંક :પરીક્ષા/પુનઃ મૂલ્યાંકન/22247/2025
તા.10/11/2025

પરિક્ષા નિયામક

નકલ સવિનય રવાના પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ સારૂ ...